ADFACTORS PR
Knowledge-driven communications



| Published Date: | 11 Aug 2018 | Publication: | Divya Bhaskar (Gujarati) |
| --- | --- | --- | --- |
| Edition: | Ahmedabad | Page No: | 4 |
| MAV/CCM: | 30668/6.97 | Circulation: | 400467 |



પંડિત દીનદયાળ ઓડિટોરીયમમાં સ્ટુડન્ટ્સ માટે IT ક્વિઝ

# વડોદરાની સંત કબિર સ્કૂલના નિહાર શાહ અને ભવ્ય રાણીંગા વિનર બન્યા

સિટી રિપોર્ટર · cbamdavad@gmail.com



ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસના ઉપક્રમે શુક્રવારે આઈટી બેઝ્ડ ક્વિઝ 'ટીસીએસ આઈટી વિઝ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈન્ફર્મેશન ટેક્નોલોજીને સ્કૂલ લેવલથી પ્રમોટ કરવા માટે 1100 જેટલા સ્ટુડન્ટ્સ શહેરના પંડિત દીનદયાળ ઓડિટોરીયમમાં ભેગા થયાં હતા. આ ક્વિઝના ફાઈનલ રાઉન્ડમાં અમદાવાદની ડીપીએસ બોપલ અને નારાયણગુરુ ઉપરાંત વડોદરા અને રાજકોટ સહિતની કુલ 6 ટીમોએ ભાગ લીધો હતો. જેમાં વડોદરાની સંત કબિર સ્કૂલના નિહાર શાહ અને ભવ્ય રાણીંગા વિનર બન્યા હતા. હવે આ બંને નેશનલ ફાઈનલમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. ક્વિઝ માસ્ટર ગિરી પિક બ્રેઈને કહ્યું કે, 'આ ક્વિઝમાં સ્કૂલ સ્ટુડન્ટસમાં આઈટીને લઈને કેટલું નોલેજ છે તે જાણવાનો પ્રયાસ થયો હતો. આ ઉપરાંત તેમાં વ્યવસાય/લોકો, નવા પ્રવાહો અને લિજેન્ડને આઈડેન્ટિફાય કરવાની પણ ચેલેન્જ હતી.'

1/1